**શહેરા પોલીસ સ્ટેશન હેઠળની વાઘજીપુર**
**ઓ.પી.ને પાદરડી મુકામે ફેરવવા બાબત**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: **પસથ/૧૦૨૦૧૫/રા.ક.મ.-૪૨/વ**
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ:-** 08 MAR 2016

વંચાણે લીધો:

(૧) ગૃહ વિભાગના તા.૨૬-૮-૦૫ના ઠરાવ ક્ર: પસથ/૧૦૨૦૦૫/૧૦૬૪/વ.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો
તા. ૬-૨-૧૬નો પત્ર ક્રમાંક: ઇ.૨/૧૫૩૬/રજુઆત/૨૩૭/૨૦૧૬.

ઠ રા વ:

વંચાણે લીધેલ ક્રમ(૧) પર દર્શાવેલ આ વિભાગના તા.૨૬-૮-૦૫ના ઠરાવથી પંચમહાલ જિલ્લાના શહેરા પોલીસ સ્ટેશન હેઠળ વાઘજીપુર આઉટ પોસ્ટને આંતરિક વ્યવસ્થાથી મંજૂર કરવામાં આવેલ. વાઘજીપુર આઉટ પોસ્ટને પાદરડી મુકામે ફેરવવા બાબતે સ્થાનિક કક્ષાએથી રાજ્ય સરકાર સમક્ષ થયેલ રજૂઆત અન્વયે સંદર્ભ દર્શિત પત્રથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય દ્વારા રજૂ કરાયેલ વિસ્તૃત અહેવાલ તથા અભિપ્રાય ધ્યાને લેતા એ બાબત જણાય છે કે વાઘજીપુર આઉટ પોસ્ટનું મકાન જર્જરીત થઇ જતા પાદરડી ગ્રામ પંચાયતે મકાન બાંધવા જમીન ફાળવી આપવા સહમતી દર્શાવેલ છે. વધુમાં પાદરડી ગામ અંતરિયાળ રોડ પર આવેલ મોટું ગામ છે. ત્યાંથી શહેરા પોલીસ સ્ટેશન તથા આજુબાજુના ગામોમાં જવા આવવા સરળતા રહે તેમ છે. જેથી વહીવટી અને કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ પણ સુગમતા રહેતી હોઇ સામાન્ય જનતાને અગવડ ન પડે તે માટે સક્રિય વિચારણાને અંતે વાઘજીપુર આઉટ પોસ્ટને પાદરડી મુકામે ફેરવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. વાઘજીપુર આઉટ પોસ્ટને પાદરડી મુકામે ફેરવવા માટે કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય ,ગાંધીનગર તથા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલે હાથ ધરવાની રહેશે.

**(P.T.O.)**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)

નાયબ સચિવ,

ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગોધરા રેન્જ, ગોધરા-પંચમહાલ.
- પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પંચમહાલ-ગોધરા.
- સિલેક્ટ ફાઇલ.